## : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વિશે :

અજન્મા શિશુથી ૧૮ વર્ષ સુધીના તરુણના વિકાસનું લક્ષ્ય સેવતી ગાંધીનગર સ્થિત આ યુનિવર્સિટી દેશ અને દુનિયાની એક અજોડ યુનિવર્સિટી છે. આપણા પરમ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યરત હતા ત્યારે તેમના મનમાં એક અદ્‌ભુત મંત્રનો આવિર્ભાવ થયો - Every Child Matters : પ્રત્યેક બાળક મહત્ત્વનું છે. આ મંત્રનો વિસ્તાર યુનિવર્સિટીના 'દર્શન'માં પરિણમ્યો. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે : "બાળકનો ઉછેર એવી હૂંફ અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારના અવસર મળી રહે." આ મંત્ર અને દર્શનને વ્યાવહારિક પૃષ્ઠભૂમિ પર લાવવા ગુજરાતમાં દિનાંક ૩૧મી જુલાઈ, ૨૦૦૯ના રોજ એક તંત્રની સ્થાપના થઈ, જેનું નામ છે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'.

વર્તમાનમાં યુનિવર્સિટી બાળવિકાસને લગતા શિક્ષણ, સંશોધન, પ્રશિક્ષણ અને વિસ્તરણ એમ ચારેય આયામોમાં સમગ્રતાથી યુનિવર્સિટી કામ કરે છે, જે ગર્ભાધાન સંસ્કાર-પ્રક્રિયાથી શરૂ કરી ઉત્તમ સંતતિનું આવાહન અને અવતરણ કરવાની દિશા ચીંધે છે અને પ્રત્યેક બાળકને ઉત્તમ મનુષ્યના રૂપમાં સમાજને ચરણે ધરવાનું સ્વપ્ન સેવે છે. આ ઉપરાંત તપોવન વિભાગ, શિશુ પરામર્શન વિભાગ, બાલભવન વિભાગ, એક્રેડિટેશન અને ક્વોલિટી એન્હેન્સમેન્ટ વિભાગ જેવા વિશિષ્ટ વિભાગો કાર્યરત છે.

યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ સંદર્ભે કુલ સાત સ્કૂલ અને અગિયાર વિભાગો કાર્યરત છે જેમાં શિક્ષણ, મનોવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, સમાજકાર્ય, ગુજરાતી અને સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ તૈયાર છે, જેમાં હવે પ્રવેશપ્રક્રિયા શરૂ થશે.



स्वयमेव मृगेन्द्रता ।

।। अनन्यः आनन्दरूपः अनन्तः अहम् ।।

।। प्रत्येकं बालः महत्त्वपूर्णः ।।

# સંસ્કૃત વિભાગ
# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
# ગાંધીનગર




તેજસ્વી બાળક : તેજસ્વી ભારત


:: સંપર્ક ::

સંસ્કૃત વિભાગ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ

છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ નજીક

સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧

ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯

www.cugujarat.ac.in


## : સંસ્કૃત વિભાગ વિશે :

દરેક દેશની પોતાની સાંસ્કૃતિક તેમ જ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ છે, જેનો ભાષાના મૂળ સાથે અતૂટ સંબંધ હોય છે. સંસ્કૃત ભાષા ભારતનો સાંસ્કૃતિક વારસો છે. સંસ્કૃત જીવન જીવવાની પદ્ધતિ શીખવનારું ચાલકબળ છે. સમકાલીન પરિસ્થિતિઓમાં વિશ્વમાં પ્રાચીન સાહિત્યની મુખ્ય માંગ છે. આપણી આ દેવભાષામાં આંતરરાષ્ટ્રીય બૌદ્ધિકો યુગોથી ઉત્સાહપૂર્વક રસ લેતા આવ્યા છે. સંસ્કૃત વિભાગ ચોંસઠ કળાઓમાં સંશોધન માટે, જીવનનાં આદર્શ મૂલ્યો અને આધ્યાત્મિક સારને સમજાવવા માટે કટિબદ્ધ છે.

સંસ્કૃત વેદ, ઉપનિષદ, સ્મૃતિ, સંહિતા, સ્તોત્ર, નીતિશાસ્ત્ર વગેરેમાં દર્શાવવામાં આવેલી ફિલસૂફીના માધ્યમથી સમાજ, રાષ્ટ્ર, વિશ્વ, બ્રહ્માંડ સુધીની વ્યક્તિથી પરમેષ્ટી સુધીની વિકાસયાત્રાને પ્રશસ્ત કરવાની આ વિભાગની નેમ છે.

ઉપનિષદ એ વૈદિક દર્શનનું સાતત્યપૂર્ણ અનુસરણ કરનારું શાસ્ત્ર છે, જે વિજ્ઞાનની ઘણી શાખાઓને પ્રભાવિત કરે છે, જેમાં ગર્ભવિજ્ઞાન સામેલ છે. ગર્ભોપનિષદમાં ગર્ભની રચના, જીવનો વિકાસ વગેરે વિશે વિગતવાર વર્ણન છે.

સંસ્કૃત વિભાગનો મુખ્ય ધ્યેય ગર્ભશાસ્ત્રનો અભ્યાસ કરાવવો, સોળ સંસ્કારના વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર અને અભ્યાસ કરાવવો, પરિણીત દંપતીને ગર્ભાધાન સંસ્કારની સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા સમજાવવી, તેમ જ મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે માતાપિતાને માર્ગદર્શિત કરવાનો છે. વર્તમાન સમાજમાં વિભક્ત પરિવારની કલ્પના પ્રચલિત બની છે. સંસ્કૃત વિભાગ કૌટુંબિક બંધનની અને સંબંધોની ભારતીય પરંપરાને ફરીથી જાગૃત કરવા માગે છે. દરેક બાળક દાદા-દાદીના નિર્વ્યાજ પ્રેમ અને સંભાળ હેઠળ સારી રીતે વિકસે છે.આ વિભાગનો ધ્યેય 'તપોવન કેન્દ્ર', 'દામ્પત્ય શિક્ષણ' અને 'પરિવાર પ્રબોધન' દ્વારા બાળકના સર્વાંગીણ વિકાસનો છે.

- ✓ અનુસ્નાતક કક્ષાએ સંસ્કૃત (ગર્ભસંસ્કાર) વિષયનો વિશિષ્ટ અભ્યાસ કરાવવામાં આવશે.
- ✓ સંસ્કૃત ભાષાના મૂલ્યવાન અને નીતિગત બોધ આપતા વિષયો તથા ગર્ભસંસ્કાર અને બાળકેન્દ્રી વિષયોને એમ.ફિલ. અને પીએચ.ડી.ના સંશોધનક્ષેત્રમાં સમાવવામાં આવશે.
- ✓ સંસ્કૃત વ્યાકરણ માટે ખાસ ટૂંકા ગાળાના વેકેશન વર્કશોપની વ્યવસ્થા.
- ✓ દર વર્ષે જૂન મહિનાથી 'સંસ્કૃત સંભાષણ' અને ભાષા-સંવર્ધનનો છ મહિનાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચલાવાશે.
- ✓ સ્મૃતિસંહિતાનો છ મહિનાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચલાવાશે.
- ✓ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં 'પીસ મેનેજમેન્ટ'નો છ મહિનાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચલાવાશે.
- ✓ સંસ્કૃત ભાષાને સંગીતની રીતે, ઓડિયો-વિઝ્યુઅલ તકનીકની આધુનિક રીતે પ્રસારિત કરવામાં આવશે.
- ✓ સંસ્કૃત કથાસાહિત્યની સચિત્ર ટૂંકી વાર્તાનાં પુસ્તકો, યુનિવર્સિટીનાં પ્રકાશનો, ગીતો વગેરે સંસ્કૃત ભાષામાં પ્રકાશિત કરાશે.
- ✓ પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનાં દુર્લભ પુસ્તકોનું સંપાદન તેમ જ પુનઃ પ્રકાશન કરવામાં આવશે.

પ્રવેશ અને અન્ય વિગતો માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in ની મુલાકાત લેવા વિનંતી છે.

## અધ્યાપકવૃંદ




ડો. રાકેશ પટેલ
(M.A., Ph.D.)
અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ, ડાયરેક્ટર : ભાષા ભવન
સંપર્ક : ૯૪૦૮૬૪૦૯૩૦
Email : rakesh11051960@gmail.com



ડો. ભૈરવી દીક્ષિત
(M.A., B.Ed., Ph.D.)
આસિ. પ્રોફેસર
સંપર્ક : ૮૧૨૮૯૮૪૨૨૮
Email : bhairavidixit@gmail.com







ડો. જય ઓઝા
( M.A., M.Phil., B.Ed., Ph.D.)
આસિ. પ્રોફેસર
સંપર્ક : ૯૮૯૮૦૪૬૪૮૮
Email : jayuoza@gmail.com


| ક્રમ | અભ્યાસક્રમનું નામ | સેમેસ્ટર / કોર્સ ફી | પ્રવેશ માટે પાત્રતા | અભ્યાસક્રમની વિશિષ્ટતા |
|---|---|---|---|---|
| 1 | Ph.D. SANSKRIT | 10000/- (Male)<br>7500/- (Female) | M.A. (Sanskrit) | • ગર્ભશાસ્ત્ર જેવા વણખેડાયેલ વિષયો પર શાસ્ત્રીય સંશોધન<br>• પ્રાચીન શાસ્ત્રો અને ભારતીય વિજ્ઞાન પરંપરાના સમન્વયથી આધુનિક પરિપ્રેક્ષ્યમાં સંશોધન<br>• સાહિત્ય અને મૂલ્યાધારિત વિષયો પર સંશોધન |
| 2 | M.Phil. SANSKRIT | 7500/- (Male)<br>5000/- (Female) | M.A. (Sanskrit) | • સંશોધનની પ્રામાણિક અભિભાવના<br>• પ્રોજેક્ટ/સેમિનાર અને આધુનિક વિષયો સાથેનું જોડાણ |
| 3 | M.A. SANSKRIT (Garbhsanskar) | 2250/- (Male)<br>1850/- (Female) | Any Graduate | • પ્રાચીન અને આધુનિક શાસ્ત્રોનો સમન્વય<br>• કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક વિદ્યાર્થીને પ્રવેશ<br>• નેટ/સ્લેટના અભ્યાસક્રમ અનુસાર શિક્ષણ-સજ્જતા<br>• સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવાની તક આપતો અભ્યાસક્રમ<br>• 'તેજસ્વી બાળક : તેજસ્વી ભારત'ની સંકલ્પના પૂર્ણ કરતો અભ્યાસક્રમ |
| 4 | PEACE MANAGEMENT IN GEETA | 1500/- (Male)<br>1150/- (Female) | 10th and Equal | • માનવમનનો ગીતાના દૃષ્ટિકોણથી અભ્યાસ<br>• વર્તમાન સમયમાં માનવમાત્રના, માનસિક ક્ષુબ્ધતાઓથી વ્યાપ્ત મનના સમાધાન માટે ગીતાનો અભ્યાસ |
| 5 | SPOKEN SANSKRIT (संस्कृत संभाषण) | 1500/- (Male)<br>1150/- (Female) | 10th and Equal | • આ વર્ગમાં જોડાવા માટે સંસ્કૃતનું કોઈ પૂર્વ જ્ઞાન આવશ્યક નથી.<br>• રમત, ગીત, વાર્તા અને સંવાદ દ્વારા શિક્ષણ<br>• સરળ ભાષામાં વ્યાવહારિક સંસ્કૃતનું શિક્ષણ<br>• હસતાં-રમતાં ધારાપ્રવાહમાં સંસ્કૃત સંભાષણ કરી શકશો |
| 6 | MORAL EDU. IN NITISHATAKAM | 1500/- (Male)<br>1150/- (Female) | 10th and Equal | • મૂલ્યનિષ્ઠ અને સંસ્કારલક્ષી જીવનનું પાથેય પીરસતો અભ્યાસક્રમ<br>• નીતિ અને પ્રામાણિકતાનું મનુષ્યજીવનમાં મહત્ત્વ દર્શાવતો અભ્યાસક્રમ |